# Prime Minister's participation in 47th G7 Summit

June 10, 2021

---

# 47મી જી-7 શિખર મંત્રણામાં વડાપ્રધાનની હિસ્સેદારી

મે 10, 2021

1. યુકેના વડાપ્રધાન બોરિસ જોન્સનના આમંત્રણ પર વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી 12 અને 13 જૂને વર્ચ્યુઅલ સ્વરૂપમાં જી-7 શિખર મંત્રણાના આઉટરિચ સત્રોમાં ભાગ લેશે. યુકે હાલમાં જી-7નું અધ્યક્ષપદ સંભાળે છે અને તેમણે ભારત ઉપરાંત ઓસ્ટ્રેલિયા, રિપબ્લિક ઓફ કોરિયા અને સાઉથ આફ્રિકાને જી-7 શિખર મંત્રણામાં અતિથિ દેશ તરીકે ભાગ લેવા આમંત્રણ આપ્યું છે. આ બેઠક હાઈબ્રિડ મોડમાં યોજાશે.

2. આ વખતની શિખર મંત્રણાની થિમ 'બિલ્ડ બેક બેટર' છે. યુકેએ પોતાના અધ્યક્ષપદ માટે ચાર પ્રાથમિકતાઓ નક્કી કરી છે. તે છે ભવિષ્યમાં રોગચાળા સામે ક્ષમતા મજબૂત બનાવવાની સાથે કોરોના વાઈરસમાંથી વૈશ્વિક રિકવરીમાં આગેવાની લેવી, મુક્ત અને ન્યાયી વ્યાપારને ઉત્તેજન આપીને ભવિષ્યની સમૃદ્ધિને પ્રોત્સાહિત કરવી, ક્લાઈમેટ ચેન્જ પર નજર રાખવી અને પૃથ્વી પર જીવ વૈવિધ્યને જાળવવાના પ્રયત્નો કરવા, તથા એકબીજાના મૂલ્યોને માન આપીને ખુલ્લા સમાજની તરફેણ કરવાનો સમાવેશ થાય છે. આરોગ્ય અને ક્લાઈમેટ ચેન્જ પર ખાસ ધ્યાન આપીને નેતાઓ કોરોના મહામારીમાંથી વૈશ્વિક રિકવરી પર ભવિષ્યના માર્ગ અંગે પોતાના વિચારોનું આદાનપ્રદાન કરશે.

3. જી-7 બેઠકમાં વડાપ્રધાન બીજી વખત ભાગ લઈ રહ્યા છે. 2019માં ફ્રાન્સ જી-7નું અધ્યક્ષ હતું ત્યારે ભારતને બાઈરિત્ઝ સમિટમાં 'ગૂડવિલ પાર્ટનર' તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું તથા વડાપ્રધાને "ક્લાઈમેટ બાયોડાઈવર્સિટી એન્ડ ઓશન્સ" અને "ડિજિટલ ટ્રાન્સફોર્મેશન" પરના સેશન્સમાં ભાગ લીધો હતો.

**નવી દિલ્હી**
**જૂન 10, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.